**GJVL020064202019**

| | | |
|---|---|---|
| રજૂ તારીખ | : | ૧૮.૧૨.૨૦૧૯ |
| દાખલ તારીખ | : | ૧૮.૧૨.૨૦૧૯ |
| ફેસલ તારીખ | : | ૧૨.૦૬.૨૦૨૬ |
| સમયગાળો | : | વર્ષ માસ દિવસ<br>૦૬ ૦૫ ૨૫ |

**<u>વલસાડ ના મે. ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ માં, મુ વલસાડ</u>**

**ક્રિમીનલ કેસ નં. ૫૬૪૧/૨૦૧૯**

**<u>આંક – ૧૧</u>**

**ફરીયાદી : સરકાર શ્રી**

**વિરૂધ્ધ**

**આરોપીઓ : નરસીંગ ઉર્ફે નગસીંગ મારવાડી નારાયણસીંહ જેસીંગ દયા જાતે રાજપુત**

**રહે.**ડીંડોલી,બ્રીજ નીચે,સુરત તથા સુરત,માન સરોવર સોસાયટી,ગોડાધરા

---

**ગુન્હો : ઈ.પી.કો.કલમ–૪૬૫,૪૬૮,૪૭૧,૧૧૪ મુજબનો**

---

ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી આઈ.કે.વ્હોરા
આરોપી તરફે કોઈ નથી.

---

**<u>–::જજમેન્ટ::–</u>**

**૧.** ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તા. ૦૩/૦૯/૨૦૧૭ કલાક ૧૯/૩૦ ના સુમારે મોજે વેલવાચ ગામ થી ફલધરાગામ તરફ જવાના રોડ ઉપર,તા.જિ.વલસાડ ખાતે દારૂની હેરા ફેરી દરમ્યાન ઠગાઈ કરવાના ઈરાદે તેમજ પોલીસ ને છેતરવાના ઈરાદે પોતાનો સામાન્ય હેતુ પાર પાડવા માટે વાહન ઉપર ખોટી નંબર પ્લેટ (GJ–9–AV–9841) ની લગાવી તે ખોટી નંબર પ્લેટ ખોટી હોવાનું સારી રીતે જાણતા હોવા છતાં તેનો ખરા તરીકે ઉપયોગ કરી તેઓના કબજાની થ્રી વ્હીલ ટેમ્પાની

આગળ તથા પાછળ લગાડેલ ખોટી નંબર પ્લેટ લગાવી દારૂની હેરા ફેરી કરતાં પકડાઈ જઈ,આરોપીએ ઈ.પી.કો.કલમ–૪૬૫,૪૬૮,૪૭૧,૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ હોય તપાસ કરનાર અમલદાર દ્વારા સદર ગુન્હા નું ચાર્જશીટ નામદાર કોર્ટમાં દાખલ કરવામાં આવેલ.

**૨**. ઉપરોકત ગુનાની ફરિયાદના સંદર્ભમાં અત્રેની અદાલત દ્વારા આરોપીને વારંવાર પ્રોસેસ ઇશ્યુ કરવામાં આવેલ છે જે પ્રોસેસ પોલીસ આજદીન સુધી બજવી શકેલ નથી. જેથી આરોપીની ગેરહાજરીના કારણે કેસ આગળ ચાલી શકતો નથી, જેથી આરોપીની ગેરહાજરીમાં પુરાવાના રક્ષણ માટે ક્રિ.પ્રો.કોડની કલમ ૨૯૯ ઘડવામાં આવેલી છે, જેથી આરોપીની ગેરહાજરીમાં પુરાવો રેકર્ડ કરવા બાબતેની ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૯૯ ની જોગવાઇ પ્રમાણે આંક–૧ નીચે આરોપીની ગેરહાજરીમાં ફરીયાદપક્ષના સાહેદોનો પુરાવો નોંધવાનો હુકમ કરવામાં આવેલ છે.

**3.** ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે.

**–::::: મૌખિક પુરાવો :::::–**

| ક્રમ નંબર | સાહેદનું નામ | સાહેદ | આંક | રીમાર્કસ્ |
|---|---|---|---|---|
| ૧ | આત્મારામ કરમસીંહ દેસાઈ | ફરિયાદી | ૦૩ | –––– |
| ૨ | દયારામ ગનુભાઈ માંગેલા | પંચ | ૦૫ | હોસ્ટાઈલ |
| ૩ | જગદીશભાઈ રમણભાઈ પટેલ | સાહેદ | ૦૮ | –––– |
| ૪ | અબ્દુલસઈદ અબ્દુલમુનાફ | સાહેદ | ૦૯ | –––– |
| ૬ | દિનેશ જયદેવભાઈ બારોટ | ત.ક.અ. | ૧૦ | –––– |

**–::::: દસ્તાવેજી પુરાવો :::::–**

| ક્રમ નંબર | દસ્તાવેજ | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદ | ૦૪ |
| ૨ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૦૬ |

૪. ત્યારબાદ આરોપીની ગેરહાજરીમાં પુરાવો રેકર્ડ કરવામાં આવેલ હોવાથી આરોપીનું ક્રિમીનલ પ્રોસિ. કોડ કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

૫. સદરહું કામે સરકારપક્ષે વિ.એ.પી.પી.શ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવી.

૬. ઉપરોકત હકીકતે કેસના નિર્ણય સારુ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

૧. શું ફરીયાદપક્ષ વ્યાજબી શંકાની પર રહીને એ હકીકત પુરવાર કરે છે કે આ કામના આરોપીએ દારૂની હેરફેર કરવા માટે પોલીસ થી બચવા માટે પોલીસને છેતરવાના ઈરાદા થી દારૂની હેરફેર માટે ઉપયોગ માં લેવામાં આવેલ વાહન ઉપર ખોટી નંબર પ્લેટ લગાડી ઈ.પી.કો. કલમ–૪૬૫,૪૬૮, ૪૭૧,૧૧૪ મુજબનો ગુન્હો કરેલ છે ?

૨. શું હુકમ ?

૭. ઉપરોકત મુદાઓના મારા તારણો નીચે મુજબ છે.

૧. **નકારમાં**

૨. આખરી હુકમ મુજબ.

**–:: નિર્ણય માટેના કારણો ::–**

**મુદા નં. ૧ ની ચર્ચા :–**

૮. સૌ પ્રથમ હાલના કામે રજુ રેકર્ડ ઉપર ના પુરાવાઓ જો ધ્યાને લેવામાં આવે તો હાલની ફરીયાદ અન્વયે કોઈ સ્વતંત્ર્ય સાહેદો ના નિવેદનો લેવામાં આવેલ નથી અને સ્વતંત્ર્ય પંચ હોસ્ટાઈલ જાહેર થયેલા છે. ફરીયાદ ની હકીકત મુજબ દારૂની હેરફેર કરવા માટે થ્રી વ્હીલ ટેમ્પા ઉપર ખોટી નંબર પ્લેટ લગાડવામાં આવેલ જેથી પોલીસ ને આશાની થી છેતરી શકાય. ફરીયાદી આત્મારામ કરમસીંહ દેસાઈ નાઓની આંક–૦૩ થી રજુ જુબાની

વંચાણે લેવામાં આવે તો તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તા ૧૦/૧૨/૨૦૧૮ ના રોજ વલસાડ રૂરલ પો.સ્ટે.માં પો.સ.ઈ. તરીકે હાજર હતા ત્યારે વલસાડ રૂરલ પોલીસ સ્ટેશન III –૨૫૨/૨૦૧૭ પ્રોહી.એક્ટ કલમ, ૬૫ એ ઈ, ૮૧, ૧૧૬(ખ) મુજબ નો ગુન્હો તા.૦૩/૦૯/૨૦૧૭ કલાક: ૧૯:૩૦ વાગે વાગ્યે જાહેર થયેલ હોય જે ગુનામાં સંડોવાયેલ આરોપીઓ પૈકી આરોપી નં–૦૧ ભુપેન્દ્ર મસારામ પુરોહીત તથા વોન્ટેડ આરોપી ન–૦૨ નારાયણા ઠાકુર નાઓના તમામ ના વિરુધ્ધમાં ગુન્હો દાખલ કરવામાં આવેલ છે અને આ ગુન્હાની તપાસ પ્રથમથી એનેએચ.સવસેટા પોલીસ સબ ઈન્સપેકટર નાઓ કરતા આવેલ છે. અને આ ગુન્હાના કામે પકડાયેલ તથા વોન્ટેડ આરોપીઓએ એકબીજાની મદદગારી કરી પોતાના કબજાના થ્રી વ્હીલ ટેમ્પો નં.GJ–9–AV–9841 કિં.રૂ.૪૦,૦૦૦/–નામાં તારીખ. ૦૩/૦૯/૨૦૧૭ કલાક, ૧૯/૩૦ વાગ્યે મોજે વલસાડ રૂરલ પો.સ્ટે વેલવાચગામ થી ફલધરાગામ તરફ જવાના રોડ ઉપર તા.જી.વલસાડ ની હદમા થી પસાર થતી વખતે વગર પાસ પરમીટે પરપ્રાંતિય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો બાટલીનંગ–૫૧૫ કી.રૂ.૩,૭૫૦/– તથા મોબાઈલ નંગ–૧ કિરૂ.૫૦૦/– મળી કુલ્લે કિરૂ–રૂ ૬૬,૨૫૦/–નો મુદ્દામાલ વહન કરી લઈ આવતા વોચ દરમ્યાન આ કામના આરોપી નં– ૧ નાઓ પકડાઈ જતા સુંદર ઈસમને તારીખ.૦૩/૦૯/૨૦૧૭ કલાક. ૨૦/૦૦ વાગ્યે અટક કરી પ્રોહી જથ્થો ક્યાંથી કોની પાસેથી મેળવેલ અને કોને ક્યાં પહોચાડવાના હતા તે વિષે પૂછ પરછ કરતા તેઓને આ પ્રોહી જથ્થો વાપી ખાતેથી નારાયણા ઠાકુર નાઓએ વાપી ખાતેથી ટેમ્પો આપેલ અને આ પ્રોહી જથ્થો ભરેલ થી વ્હીલર ટેમ્પો સુરત ખાતે લઈ જઈ નારાયણા ઠાકુર નાઓ સુધી પહોંચાડવાનો હતો જેથી આ કામના આરોપી નં–૦૨ ઓને વોન્ટેડ જાહેર કરવામાં આવેલ છે તેમજ આરોપીઓએ ગુન્હો કરવા ઉપયોગમાં લીધેલ થ્રી વ્હીલ ટેમ્પો નં.GJ–9–AV–9841 ઉપર સ્ટીકરની પટ્ટી લગાડેલ છે જેના એન્જીન તથા ચેચીસ નંબર ની ખાત્રી કરતા તેનો એન્જીન નંબર– 26031ASZ000001 તથા ચેસીસ નંબર– 60L62525232 ની જણાય આવેલ છે. તેમજ સદર થ્રી વ્હીલર ટેમ્પો ઉપર લગાડેલ નંબર પ્લેટના

ઓનરની માહીતી વલસાડ આર.ટી.ઓ કચેરી તરફથી માહીતી મેળવતા GJ–9–AV–9841 જેનો ઓનર તરીકે–રમેશભાઇ પુખરાજ પ્રજાપતિ રહે– ૪/અંજના સોસાયટી મહાવીર નગર હિમ્મત નગર નો હોવાનું જણાઇ આવેલ જેથી તેઓની તપાસ કરતા તેમના નિવેદનમાં લખાવેલ કે સદર GJ–9–AV–9 2515 દશ ટાયર હેવી ટક છે જે તેમની પાસેજ છે. અને તેનો એન્જીન નંબર–426031452000001 તથા 60262525232 છે. જેથી ફરીથી આ થ્રી વ્હીલર ટેમ્પામાં પંચો રૂબરૂ જોતા તેનો એન્જીન– W2G3288299 નંબર–MCGOAMCPVG1237787 નો હોય જેથી સદર ગુનાના કામે આરોપીઓએ ઉપયોગમાં લીધેલ થી ટેમ્પોનો ઓરીજનલ નંબર–GJ–05–AV–9841 છે. જેનો એન્જીન– W2G3288299 તથા ચેસીસ MCGOAMCPVG1237787 નો છે. જેથી આ કામે ઉપયોગ માં લીધેલ GJ–9–AV–9841 ની ખોટી નંબર પ્લેટ છે. આમ એકંદરે તપાસ કરતા વલસાડ રૂરલ પો.સ્ટે.III ગુ.ર.નં.૨૫૨/૨૦૧૭ પ્રોહી.એકટ કલમ–એઈ, ૮૧,૧૧૬(ખ) મુજબના ગુન્હામાં પકડાયેલ વાહન થ્રી વ્હીલર ટેમ્પા ના આરોપીઓ નંબર ૦૧ ભુપેન્દ્ર મસારામ પુરોહીત તથા નંબર ૦૨ નારાયણસિંહ જયસિંહ રાજપુત નાઓએ એક બીજાની મદદગારીથી ગેર કાયદેસર રીતે દારૂની હેરાફેરી કરવા સારૂ અને તેમાં પકડાઇ ન જાય તે માટે ઠગાઇ કરવાના ઈરાદાથી પોતાનો સામાન્ય હેતુ પાર પાડવા ખોટી નંબર પ્લેટ થ્રી વ્હીલર નંબર–GJ–9–AV–9841 ઉપર લગાડેલ છે જેનો એન્જીન ચેસીસ નંબર શરત ચુકથી એન્જીન નંબર–426031ASZ000001 તથા ચેસીસ નંબર– 60L62525232 લખાઈ ગયેલ હોય જે થ્રી વ્હીલર ટેમ્પાનો ઓરીજનલ નંબર–GJ–05–AV–9841 છે. જેનો એન્જીન– W2G3288299 તથા ચેસીસ નંબર–MCG0AMCPVG1237787 નો છે. 5 થી GJ–9–AV–9841 ની નંબર પ્લેટ બનાવી તે ખોટી નંબર પ્લેટ નો ખરા તરીકે ઉપયોગ કરી તેઓના કબ્જારના થી વ્હીલર ટેમ્પો ઉપર લગાડી તે ખોટી નંબર પ્લેટ લગાડેલ વાહનમાં વિદેશી દારૂ ભરી હેરાફેરી કરેલ હોય જેથી પારી તેઓના વિરૂધ્ધમા ઇ.પી.કો. કલમ–૪૬૫, ૪૬૮, ૪૭૧, ૧૧૪ મુજબ કાયદેસર થવા સદરહું બનાવ બાબતે તેઓએ પોલીસ ફરીયાદ આપેલ તેમને

પોલીસ ફરીયાદ બતાવવામાં આવેલ છે જે જોઇને તેઓ કહે છે કે ફરીયાદી તરીકે સહી છે. જે ઓળખી બતાવેલ છે. સબબ કામે આરોપી તર્ફે સી.આર.પી.સી.૨૯૯ મુજબનો હુકમ હોય ઉલટતપાસ નથી.

૮.૧ ત્યારબાદ હાલના કામે મુદ્દામાલ દારૂ જે પંચનામાની વિગતે પંચો રૂબરૂ કબજે કરેલ તે પંચનામાના પંચસાહેદ ઠાકોર દયારામ ગનુભાઈ માંગેલાને આંક–૦૫ થી તપાસતા આ પંચ સાહેદે આંક–૦૬ થી રજુ પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે, પરંતુ તે સિવાયની પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી અને તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે. સદર કામે સી.આર.પી.સી.ની કલમ–૨૯૯ મુજબનો હુકમ થયેલ હોઇ ઉલટ તપાસ નથી. ત્યારબાદ સદરહું કામે આંક–૦૬ થી રજુ પંચનામાના અન્ય પંચ સાહેદ કિશોરભાઈ ખુશાલભાઈ કે જેઓ અવસાન પામેલ હોય તેઓનો મરણનો દાખલો હાલના કામે આંક–૦૭ થી રેકર્ડમાં સામેલ હોય, જે સંજોગોમાં તે પંચ સાહેદનો મૌખિક પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી.

૮.૨ ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે પોલીસ સાહેદ જગદીશભાઈ રમણભાઈ પટેલ નાઓની આંક–૦૮ તથા આંક–૦૯ થી પોલીસ સાહેદ અબ્દુલ સઈદ અબ્દુલ મુનાફબ નાઓની રજુ થયેલ જુબાની વંચાણે લેવામાં આવે તો તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, ગઈ તા.૦૩/૦૯/૨૦૧૭ ના રોજ તેઓ તથા PSI શ્રી એન.એચ. સવસેટા સાહેબ નાઓ તથા બે પંચોના માણસો સાથે રાખી પો.સ્ટે. વિસ્તારના બીટ નંબર–૧ વિસ્તારમાં પ્રોહી અંગે ખાનગી વાહનમાં પેટ્રોલીંગમાં નીકળેલ અને ફરતા ફરતા મોજે– વેલવાચગામ થી ફલધરાગામ તરફ જવાના રોડ ઉપર તા.જી.વલસાડ પાસે આવતા ખાનગી રાહે બાતમી મળેલ કે, એક થ્રી–વ્હીલ ટેમ્પો કલર ભુરા કલરનો નં.GJ–9–AV–9041 નો ચાલક ઇંગ્લીશ દારૂ નો જથ્થો ભરી નિકળેલ જે ટેમ્પાને ચેક કરતા તેમાંથી પ્રાંત બનાવટનો ઇંગ્લીશ દારૂ નો જથ્થો મળી આવતા વલસાડ રૂરલ પો. સ્ટે iii–ગુ.ર.નં.૨૫૨/૨૦૧૭ પ્રોહી એકટ કલમ ૬૫ઈ, મુજબ નો ગુન્હો તા.૦૩/૦૯/૨૦૧૭ કલાક: ૨૦/૪૫

વાગ્યે જાહેર થયેલ આ ગુન્હાના કામે પકડાયેલ એક થ્રી–વ્હીલ ટેમ્પો કલર ભુરા કલરનો નં.GJ–9–AV–9841 નો ચાલક નામે ભુપેન્દ્ર મસારામ પુરોહીત જેની કિં.રૂ.૪૦,૦૦૦/–ના માં તા.૦૩/૦૯/૨૦૧૭ કલાક ૧૯/૩૦ વાગ્યે મોજે વેલવાચગામ થી ફલધરાગામ તરફ જવાના રોડ ઉપર તા.જી.વલસાડ ખાતેથી પસાર થતી વખતે ઉભો રાખી ચેક કરતા તેમા વગર પાસ પરમીટે પરપ્રાંતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો બાટલીનંગ–૫૧૫ કી.રૂ. રૂ.૨૫૭૫૦/– તથા ટેમ્પાની કિ.રૂ.૪૦,૦૦૦/ મળી તથા એક મોબાઈલ કિ.રૂ ૫૦૦/– મળી કુલે કિરૂ.રૂ ૬૬,૨૫૦/–નો મુદ્દામાલ વહન કરી લઈ આવતા પકડાઈ ગયેલ ત્યાર બાદ આ કામના આરોપીઓની તપાસ કરતા કરાવતા ન મળી આવેલ જેથી આ કામના વાહન માલીક ની તપાસ કરતા તેના માલીક તરીકે રમેશભાઈ પુખરાજ પ્રજાપતિ નાઓના ઘરે તપાસ કરતા તેમના નિવેદનમાં લખાવેલ કે સદર GI–9–AV–9841 નો ટાટા–2515 દશ ટાયર હેવી ટ્રક છે જે તેમની પાસે જ છે. અને તેનો એન્જીન નંબર–426031ASZ000001 તથા ચેસીસ નંબર–60L62525232 છે. જેથી ફરીથી આ થ્રી વ્હીલર ટેમ્પામાં પંચો રૂબરૂ જોતા તેનો એન્જીન–W2G3288299 તથા ચેસીસ નંબર–MCGOAMCPVG1237787 નો હોય જેથી સદર ગુનાના કામે આરોપીઓએ ઉપયોગમાં લીધેલ થી વ્હીલર ટેમ્પોનો ઓરીજનલ નંબર–GJ–05–AV–9841 છે. જેનો એન્જીન–W2G3288299 તથા ચેસીસ નંબર–MCGOAMCPVG1237787 નો છે. જેથી આ કામે ઉપયોગ માં લીધેલ GJ–9–AV–9841 ની ખોટી નંબર પ્લેટ છે. જેથી આપ સાહેબે વલસાડ રૂરલ પો.સ્ટે.III ગુ.ર.નં.૨૫૨/૨૦૧૭ પ્રોહી.એકટ કલમ– ૬૫ એઈ,૮૧,૧૧૬(ખ) મુજબના ગુન્હામાં પકડાયેલ વાહન થ્રી વ્હીલર ટેમ્પા ના આરોપીઓ નંબર ૦૧ ભુપેન્દ્ર મસારામ પુરોહીત તથા નંબર ૦૨ નારાયણસિંહ જયસિંહ રાજપુત નાઓએ એક બીજાની મદદગારીથી ગેર કાયદેસર રીતે દારૂની હેરાફેરી કરવા માટે અને તેમાં પકડાઈ ન જાય તે માટે ઠગાઈ કરવાના ઈરાદાથી પોતાનો સામાન્ય હેતુ પાર પાડવું છે ખોટી નંબર પ્લેટ થ્રી વ્હીલર નંબર–GI–9–AV–9841 ઉપર લગાડેલ છે જેનો એન્જીન ચેસીસ નંબર શરત ચુકથી એન્જીન નંબર–

426031ASZ000001 તથા ચેસીસ નંબર- 60L62525232 લખાઇ ગયેલ હોય જે થી વ્હીલર ટેમ્પાનો ઓરીજનલ નંબર- ન;-GJ-05-AV-9841 છે. જેનો એન્જીન-W2G3288299 તથા ચેસીસ નંબર-MCG0AMCPVG1237787 નો છે. જેથી GI-9-AV-9841 ની નંબર પ્લેટ બનાવી તે ખોટી નંબર પ્લેટ નો ખરા તરીકે ઉપયોગ કરી તેઓના કબ્જારના થ્રી વ્હીલર ટેમ્પો ઉપર લગાડી તે ખોટી નંબર પ્લેટ લગાડેલ વાહનમાં વિદેશી દારૂ ભરી હેરાફેરી કરેલ હોય જેથી તેઓ વિરુધ્ધ એ કે દેસાઇ નાઓએ ફરિયાદ આપેલ બનાવ બાબતે ત ક અમલદારે તેમનું નિવેદન લીધેલું. સદર કામે સી.આર.પી.સી.ની કલમ-૨૯૯ મુજબનો હુકમ થયેલ હોઇ ઉલટ તપાસ નથી.

૮.3 ત્યારબાદ ફરીયાદપક્ષ તરફથી તપાસ કરનાર અમલદાર દીનેશભાઈ જયદેવભાઈ બારોટ નાઓની આંક -૧૦ થી રજુ જુબાની વંચાણે લેવામાં આવે તો તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, સને ૨૦૧૯ માં વલસાડ રૂરલ પો.સ્ટે.માં પો.સ.ઈ. તરીકે ફરજ બજાવતા હતા ત્યારે વલસાડ રૂરલ પો.સ્ટે.ફસ્ટ ગુ.ર.નં.૧૪૯/૨૦૧૯ ઈ પી કો કલમ ૪૬૫,૪૬૮,૪૭૧, ૧૧૪ મુજબનો ગુનો રજીસ્ટર્ડ થયેલ અને તે ગુનાના કામે ફરીયાદી પો.સ.ઇ. એ.કે.દેસાઈ નાઓએ તેઓની રૂબરૂ ની ફરિયાદ આપેલ અને તે ફરિયાદ ની તપાસ તેઓએ સંભાળેલ તે તપાસના કામે તેઓએ પંચો રૂબરૂ ની ફરિયાદ કરેલ અને લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલ અને ગુનામાં સંડોવાયેલ વાહન માલીક ના નિવેદનો લીધેલ અને તપાસના કામે તેઓએ આર.સી.બુક ની ઝેરોક્ષ તેમજ તેની વીમા પોલીસીની નકલ મેળવેલ. ત્યારબાદ સદર ગુનાની તપાસ તેમની તરફ ડેપ્યુટ કરેલ સદર ગુનામાં તેમના અનુગામી ત.ક.અમલદાર એ.કે.દેસાઈ નાઓએ કરેલ તપાસના કાગળો નો અભ્યાસ કરી આરોપી વિરુધ્ધ પુરતા પુરાવા પડતા હોય નામદાર કોર્ટ માં ચાર્જશીટ રજુ કરેલ. સદર કામે સી.આર.પી.સી.ની કલમ-૨૯૯ મુજબનો હુકમ થયેલ હોઇ ઉલટ તપાસ નથી. પરંતુ આ તબક્કે કેટલીક કાયદાકીય જોગવાઈઓ ની ચર્ચા કરવી એ યોગ્ય, ઉચિત અને ન્યાયોચિત જણાઈ

આવતું હોય તે નીચે મુજબ છે.

૮.૪ **ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ ની કલમ–૪૬૫** વંચાણે લેવામાં આવે તો તેમાં જણાવવામાં આવેલ છે કે આરોપીએ કોઈ દસ્તાવેજ સહી કર્યો, સીલ કર્યો અથવા કરી આપ્યો અથવા કરી આપ્યો હોય તેવુ ચીન્હ કર્યુ કે દસ્તાવેજ નો કોઇ ભાગ કરી આપ્યો અને આવો દસ્તાવેજ કલમ–૪૬૪ માં દર્શાવેલ ત્રણ પૈકી કોઈ પ્રકારમાં પડતો હતો અને આવો દસ્તાવેજ આરોપીએ અપ્રમાણિક અથવા કપટપૂર્વક અથવા કલમ–૪૬૩ માં દર્શાવેલા કોઈ ઈરાદાથી કરી આપ્યો.

૮.૫ **ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ–૪૬૮** વંચાણે લેવામાં આવે તો તેમાં જણાવેલ છે કે સંડોવાયેલો દસ્તાવેજ બનાવટી હતો, આવો બનાવટી દસ્તાવેજ આરોપીએ બનાવેલો હતો,બનાવટી દસ્તાવેજ બનાવવા પાછળ આરોપી નો ઠગાઈ કરવાનો ઈરાદો હતો.

૮.૬ **ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ–૪૭૧** વંચાણે લેવામાં આવે તો તેમાં જણાવેલ છે કે સંડોવાયેલો દસ્તાવેજ બનાવટી હતો, આવો બનાવટી દસ્તાવેજ આરોપીએ કર્યો હતો, આરોપી જાણતાં હતા અથવા તેમને એવું માનવાને કારણ હતું કે આ દસ્તાવેજ બનાવટી છે, આરોપીએ આ દસ્તાવેજ બનાવટી હોવાનું જાણવા છતાં તેનો ઉપયોગ સાચા તરીકે કર્યો, આરોપીએ આવું કૃત્ય કપટ કરવાના ઈરાદાથી અપ્રમાણિકપણે કર્યું.

**પુરાવાનું મુલ્યાંકનઃ–**

૯. હાલના ગુનાના કામે સમગ્ર પુરાવાઓનું મુલ્યાંકન કરવામાં આવે તો, આ કામે ફરીયાદપક્ષ તરફથી મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લેતાં હાલના આરોપી વિરૂધ્ધ ઈ.પી.કો.કલમ–૪૬૫,૪૬૮,૪૭૧, ૧૧૪ મુજબનો આક્ષેપ છે. પંચ સાહેદ હોસ્ટાઈલ જાહેર થયેલા છે. જે સંબંધે માત્ર ફરિયાદી તથા બે સાહેદો તેમજ ત.ક. અમલદારને નામ.કોર્ટ દ્વારા તપાસવામાં આવેલ છે જે પોલીસ સાહેદો છે. તેઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. જેમાં આ તમામ સાહેદોની જુબાની જોતા પોતાની

ફરજના ભગ રૂપે જે કાંઈ કામગીરી કરેલી તે મુજબની જુબાની આપેલ છે. વધુમાં આરોપીને વાહન ઉપર ખોટી નંબર પ્લેટ લગાડતા જોયેલા નથી તેમજ તેઓની હાજરીમાં આરોપીના પ્રત્યક્ષ કે પરોક્ષ કબજામાંથી ખોટી નંબર પ્લેટ બનાવવાનું કોઈ કાચો મુદ્દામાલ મળી આવેલ નથી. વધુમાં અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોને પણ તપાસવામાં આવેલ નથી. જેથી આરોપી ઉપર આક્ષેપિત ગુન્હા ની હકીકત જોતાં તેમના ઉપર મુકવામાં આવેલ તહોમત મુજબ નો કોઈ ગુન્હો કરવામાં આવેલ ન હોવાની હકીકત સ્પષ્ટપણે ફલિત થાય છે જેથી આરોપીની સંડોવણી હાલના ગુન્હા ના કામે વ્યાજબી શંકાથી પર રહીને પુરવાર માની શકાય તેમ નથી. ફરીયાદપક્ષનો એવો કોઈ કેસ પણ નથી. જેથી ઉપરોકત જણાવેલ કલમો ના તત્ત્વો માં આરોપીનો કેસ પડતો ન હોય આરોપીની સંડોવણી હાલના ગુન્હા ના કામે પ્રથમદર્શનીય રીતે માની શકાય તેમ નથી. ફરીયાદપક્ષ દ્વારા એવા કોઈ સચોટ,સંતોષકારક કે ચોક્કસ પુરાવાઓ રજુ રાખવામાં આવેલા નથી કે માત્ર અનુમાન વાળી હકીકતો ને પણ પુરવાર કરી શકે.

આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ આ કામે આરોપી સામે મુકવામાં આવેલ આક્ષેપો ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરી શકેલ નથી. આમ, આ કામના આરોપીને સદર ગુનામાં સંડોવી શક્તો લેશમાત્ર પુરાવો રજુ થયેલ ન હોય તેમજ આ કામે સદર ક્રિ.પ્રો.કોડની કલમ–૨૯૯ મુજબ આરોપીની ગેરહાજરીમાં કેસ આગળ ચલાવવાનો હુકમ કરેલ હોય તેમજ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૫૩(૬) મુજબ આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુક્વાનો ચુકાદો જાહેર કરવાનો હોય તો આરોપીની હાજરીની જરૂરીયાત અનિવાર્ય ન હોવાનું જણાવેલ હોય તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટે પણ આ બાબતે પરિપત્ર કરેલ હોય જેથી આ કામના આરોપીની ગેરહાજરીમાં સદર કામે ચુકાદો જાહેર કરવો યોગ્ય જણાતું હોય ઉપરોક્ત સમગ્ર ચર્ચા મુજબ **મુદ્દા નં.૧** નો જવાબ **નકારમાં** ઠરાવી **મુદ્દા નં.૨** અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: આખરી હુકમ ::–**

(૧) આ કામના આરોપી **નરસીંગ ઉર્ફે નગસીંગ મારવાડી નારાયણસીંહ જેસીંગ દયા જાતે રાજપુત,** રહે.ડીંડોલી,બ્રીજ નીચે,સુરત તથા સુરત, માન સરોવર સોસાયટી,ગોડાધરા નાઓને ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ ની કલમ–૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતા,ઈ.પી.કો. કલમ–૪૬૫,૪૬૮,૪૭૧,૧૧૪ મુજબના ગુન્હા ના કામે **નિર્દોષ** ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) મુદ્દામાલ પાવાતીમાં જણાવેલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યાબાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) હાલના કામે આરોપી વિરૂધ્ધ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૯૯ મુજબનો હુકમ કરી તેમની ગેરહાજરીમાં તેઓને છોડી મુક્વાનો હુકમ કરવામાં આવેલ હોય જેથી આરોપીના ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(અ) મુજબ જામીનદાર અંગે હુકમ કરવામાં આવતો નથી.

હુકમ આજરોજ તા.૧૨.૦૬.૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તારીખ:–૧૨.૦૬.૨૦૨૬
સ્થળ – વલસાડ.
( બી.એચ.કહાર ગુજ.સ્ટેનો.)

**(જયેશ અરૂણભાઈ દવે)**
ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,વલસાડ.
[કોડ નં. જી.જે.–૦૦૭૧૨]